### પિતા સાથે સ્કૂલે જઈ રહેલી બાળકી માટે કાળ બનીને ત્રાટકી બે કાર

# મકરપુરામાં કાળમુખા અકસ્માતે 7 વર્ષની માસૂમનો જીવ લીધો

**ત્રણ વાહનો** વચ્ચેની ટક્કરમાં ફૂલ જેવી દીકરી કરમાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.19

વડોદરામાં અકસ્માતોની વણઝાર અટકવાનું નામ નથી લઈ રહી. શહેરનો મકરપુરા વિસ્તાર આજે એક ગમખ્વાર અકસ્માતનો સાક્ષી બન્યો, જેમાં એક હસતા-રમતા પરિવારે પોતાની 7 વર્ષની દીકરી ગુમાવી છે. મારુતિ વેગેનાર જેનો નંબર MP 09 ZY 3238 અને ટોયેટો ઈનોવા GJ 06 PE 8663 અને ટુ વ્હીલર વચ્ચે શ્રીજી નગર પાસે, કટારીયા શોરૂમની બિલકુલ સામે સર્જાયેલા આ અકસ્માતે ફરી એકવાર સ્પીડ અને ટ્રાફિક નિયમોના લીરેલીરા ઉડાડ્યા છે. તસવીરમાં દેખાતી આ ભીષણતા સાક્ષી પૂરે છે કે અકસ્માત કેટલો ભયાનક હશે. બે ફોર વ્હીલર અને એક ટુ વ્હીલર વચ્ચે થયેલી આ ટક્કરમાં માસૂમ બાળકીનું મોત નિપજ્યું છે. અકસ્માત સર્જી બંને કાર ચાલકો સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા. મૃતક બાળકી જીયાન સોલંકી તેમાં પિતા સાથે ટુ વ્હીલર પર સવાર થઈને સ્કૂલમાં જઈ રહી હતી ત્યારે આ અકસ્માત સર્જાયો. આ માત્ર અકસ્માત નથી, પણ રસ્તા પર ચાલતા નિર્દોષ નાગરિકો માટે મોતના પંજા સમાન છે. શું આ માસૂમનો વાંક માત્ર એટલો જ હતો કે તે રસ્તા પરથી પસાર થઈ રહી હતી ? મકરપુરા જેવા વ્યસ્ત વિસ્તારમાં વાહનોની ગતિ પર લગામ કેમ નથી ? આવા ભયજનક વળાંકો કે કટ પાસે સુરક્ષા કેમ નથી ? શું કટારીયા શોરૂમ પાસેનો આ કટ અકસ્માત ઝોન બની ગયો છે ? તંત્ર કેમ આ બાબતને ધ્યાનમાં નથી લેતું. યાદ રાખો, ઘરે કોઈ તમારી રાહ જોઈ રહ્યું છે. રસ્તા પરની તમારી થોડી સેકન્ડની ઉતાવળ, કોઈકના ઘરનો ચિરાગ ઓલવી શકે છે. સ્પીડનો રોમાંચ માત્ર ક્ષણિક છે, પણ તેની અસર આજીવન હોઈ શકે છે. શહેરના રસ્તાઓ રેસિંગ ટ્રેક નથી. 40-50ની ગતિ પણ ક્યારેક જીવલેણ સાબિત થાય છે. ખાસ કરીને વળાંક અને ક્રોસિંગ પર વાહનની ગતિ ધીમી રાખો. આજે એક 7 વર્ષની બાળકીનો જીવ ગયો છે, આવતીકાલે કોનો વારો ? જો વડોદરાનું તંત્ર હજુ પણ નહીં જાગે અને નાગરિકો પોતાની જવાબદારી નહીં સમજે, તો આ માર્ગો લોહીથી ખરડાતા જ રહેશે. હવે સમય આવી ગયો છે કે સ્પીડ કરતા સેફ્ટી ને પ્રાધાન્ય આપવામાં આવે.



બે ફોર વ્હીલર અને એક ટુ વ્હીલર વચ્ચે થયેલી આ ટક્કરમાં માસૂમ બાળકીનું મોત નિપજ્યું છે

## કારેલીબાગ પાણીની ટાંકી પાસે કિશોરને કચડી ટેન્કર ચાલક ફરાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.19

વડોદરા શહેરમાં ટ્રાફિક અને બેફામ દોડતા ભારે વાહનો જાણે માસૂમો માટે કાળ બની રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. આજે ફરી એકવાર વડોદરાના રસ્તા લોહીથી ખરડાયા છે. શહેરના કારેલીબાગ પાણી ની ટાંકી પાસે એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં શ્રમજીવી પરિવારના 10 વર્ષના દીપક દિનેશભાઈ તળપદા નામના નિર્દોષ બાળકે પોતાનો જીવ ગુમાવ્યો છે.



મળતી માહિતી મુજબ, આ ઘટના કારેલીબાગ પાણીની ટાંકી પાસે સર્જાઈ હતી. પાણીના ટેન્કર ચાલકે માસૂમ બાળકને અડફેટે લીધો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે ટેન્કરના ટાયર નીચે આવી જવાથી બાળકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. રસ્તા પર પડેલો માસૂમનો મૃતદેહ જોઈને ત્યાં હાજર સ્થાનિક લોકોના કાળજા પણ કંપી ઉઠ્યા હતા. સ્થાનિક લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા અને લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. અકસ્માત સર્જી ટેન્કર ચાલક નાસી છૂટ્યો હતો.

## ગોત્રીમાં રસ્તો ઓળંગતી મહિલાને નંબર પ્લેટ વગરની કારે અડફેટે લેતા મોત

(પ્રતિનિધિ) વડોદરા. તા.19

ગોત્રી સ્મશાન પાસે ગઈકાલે રાત્રે 50 વર્ષીય મહિલા અમૃતા પ્રજાપતિ રસ્તો ઓળંગી રહ્યા હતા. તે સમયે પૂરપાટ ઝડપે આવી રહેલી એક સ્વીફ્ટ ડિઝાયર કારના ચાલકે મહિલાને પોતાની અડફેટે લીધી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે અમૃતાબેન હવામાં ફંગોળાઈને રોડ પર પટકાયા હતા, જેના કારણે તેમને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે ગોત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. કાર ચાલકની ધરપકડ કરી લેવામાં આવી છે.

સ્થાનિકોએ તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં મહિલાને સારવાર માટે ગોત્રી જનરલ હોસ્પિટલમાં ખસેડી હતી. હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ તબીબો દ્વારા મહિલાને બચાવવા માટે પૂરતા પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ ઈજાઓ એટલી ગંભીર હતી કે ટૂંકી સારવાર દરમિયાન જ 50 વર્ષીય અમૃતા પ્રજાપતિએ અંતિમ શ્વાસ લીધા હતા. આ બનાવને પગલે મૃતકના પરિવારમાં માતમ છવાઈ ગયો છે. આ ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે અકસ્માતે મોતના ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગોત્રી પોલીસ દ્વારા ફરાર કાર ચાલક GJ 06 BT 8459 ને ઝડપી પાડ્યો હતો.

### સંકલન સમિતિની બેઠક બાદ તંત્ર સફાળું જાગ્યું

# આરાધના સિનેમા પાસેના દબાણોનો યુદ્ધના ધોરણે સફાયો : બે ટ્રક ભરીને સામાન જપ્ત

**ગેરકાયદે** ઝૂપડપટ્ટીઓ અને રોડ પર પડેલા ભંગાર વાહનો દૂર કરાયા



(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા શહેરમાં ટ્રાફિક અને દબાણની સમસ્યા હલ કરવા માટે વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમે આજે ફરી એકવાર આક્રમક કાર્યવાહી હાથ ધરી છે. શહેરના વોર્ડ નંબર 7 માં આવતા બહુચરાજી સ્મશાનથી લઈને આરાધના સિનેમા સુધીના મુખ્ય માર્ગ પર નડતરરૂપ એવા તમામ ગેરકાયદે દબાણોને દૂર કરવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, ગત શનિવારના રોજ વડોદરાના ધારાસભ્યો અને ઉચ્ચ અધિકારીઓ વચ્ચે એક મહત્વની સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેરના વિવિધ વિસ્તારોમાં વધતા જતા દબાણોનો મુદ્દો મુખ્ય ચર્ચાનું કેન્દ્ર રહ્યો હતો. બેઠક બાદ તુરંત જ મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ હરકતમાં આવ્યા હતા અને શહેરના માર્ગો ખુલ્લા કરવા માટે કડક આદેશો આપ્યા હતા.

કમિશનરના આદેશને પગલે વોર્ડ નંબર 7 ના સ્ટાફ, દબાણ શાખાની ટીમ અને પીડીઓ વિભાગે સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધર્યું હતું. આરાધના સિનેમાની આસપાસ રોડ લાઈનમાં ખડકાયેલી ઝૂપડપટ્ટીઓ તોડી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, રસ્તા પર ગેરેજ સંચાલકો દ્વારા રાખવામાં આવતા વાહનોના સ્પેરપાર્ટ્સ અને લાંબા સમયથી બિનવારસી હાલતમાં પડેલા બંધ વાહનોને પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

આ દબાણ હટાવો ઝુંબેશ દરમિયાન પાલિકાની ટીમે અંદાજે બે ટ્રક ભરીને ગેરકાયદે સામાન જપ્ત કર્યો છે. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે રસ્તા પર નડતરરૂપ કોઈપણ પ્રવૃત્તિ ચલાવી લેવામાં આવશે નહીં.

વોર્ડ નંબર 7 ના અધિકારીએ જણાવ્યું હતું કે, "બહુચરાજી રોડ પર જે ગેરકાયદે ઝૂપડપટ્ટી અને વાહનોનું દબાણ હતું તેને દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ છે. હાલ બે ટ્રક જેટલો સામાન જપ્ત કર્યો છે અને બંધ હાલતમાં પડેલા વાહનોને પણ ખસેડવામાં આવી રહ્યા છે જેથી ટ્રાફિકની સમસ્યા હળવી થઈ શકે."

આ કાર્યવાહીને પગલે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં રાહત જોવા મળી છે, જોકે દબાણકર્તાઓમાં ફ ફડાટ વ્યાપી ગયો છે. પાલિકા આ ગામી દિવસોમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ આ પ્રકારની ઝુંબેશ ચાલુ રાખે તેવી શક્યતા છે.

### મિલકતને લઇને થતા પારિવારિક ઝઘડાથી કંટાળીને પગલુ ભર્યુ હોવાનો અનુમાન

## વિશ્વામિત્રી રેલવે સ્ટેશન પાસે સુરત ખાતે રહેતા દંપતીનો ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત

**પોસ્ટ** મોર્ટમ થઇ ગયાં બાદ બંનેના મૃતદેહ તેમના પરિવારના સભ્યોને સોંપાયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.19

મૂળ ઉત્તરપ્રદેશનું દંપતી સુરત ખાતે રહેતું હતુ પરંતુ પારિવારી ઝઘડાના કારણે કંટાળી ગયું હતુ અને સુરતથી વડોદરા ટ્રેનમાં આવ્યાં હતા. ત્યારબાદ વિશ્વામિત્રી રેલવે સ્ટેશન પાસેથી પસાર થતી ટ્રેન નીચે પડતુ મુકીને દંપતીએ મોતને વ્હાલુ કરી લીધુ હતું. જેથી રેલવે પોલીસે પતિ અને પત્નીની લાશનું સયાજી હોસ્પિટલમાં પીએમ કરાવ્યાં બાદ બંને મૃતદેહ તેમના પરિવારના સભ્યોને સોંપવામાં આવ્યો છે.

સંસ્કારી નગરી વડોદરાના વિશ્વામિત્રી રેલવે સ્ટેશન પાસે પસાર થતી રેલવે લાઈન પર અવાર નવાર લોકો દ્વારા ટ્રેન નીચે પડતુ મુકી આપઘાત કરી લેવામાં આવતા હોવાનો બનાવો બનતા રહે છે. ત્યારે શનિવારે એક અત્યંત દુઃખદ ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં એવી વિગત છે છે મૂળ ઉત્તરપ્રદેશ ખાતે રહેતા કૌશલભાઈ શાહ (ઉં.વ.29) તથા તેમની પત્ની અંગીત કૌશલ શાહ (ઉં.વ.25) નોકરી કરવા માટે સુરત શહેરમાં આવ્યાં હતા અને ભાડાના મકાનમાં રહેતા હતા. મિલકત લઈને કૌશલભાઈ તથા અંગીતાબેનના તેમના પિતા સાથે ઝઘડો થતા રહેતા હતા. જેને લઈને દંપતીને લાગી આવ્યું હતું.

દરમિયાન 16 જાન્યુઆરીના રોજ કૌશલભાઈ તેમની પત્ની અંગીતા સાથે ટ્રેનમાં બેસીને વડોદરા આવ્યાં હતા. વિશ્વામિત્રી રેલવે સ્ટેશન પર ઉતર્યા બાદ દંપતીએ ટ્રેક પરથી પસાર થતી ટ્રેન નીચે પડતું મૂકી દીધી હતું. જેના કારણે દંપતીને ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળ પર બંનેના કમકમાટી ભર્યા મોત નિપજ્યાં હતા. જોકે દંપતીએ ટ્રેનની નીચે પડતુ મુકી આપઘાત કર્યો હોવાની જાણ રેલવે પોલીસને સ્ટેશન માસ્તરે તાત્કાલિક કરી હતી. જેના આધારે રેલવે પોલીસનો કાફલો તુરંત સ્થળ પર દોડી આવ્યોં હતો અને મૃતદેહોનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખસેડયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે કૌશલ ચૌહાણ તથા અંગીતા ચૌહાણના લગ્ન આશરે બે વર્ષ પહેલાં જ થયા હતા. તેને કોઇ સંતાન નથી પરંતુ મિલકતને લઈને થતા પારિવારિક ઝઘડાથી કંટાળી ગયા હોય આત્મઘાતી પગલુ ભર્યું હતું. પોલીસ દ્વારા તેમના પરિવારના સભ્યોને જાણકરી હતી જેથી તેઓ તાત્કાલિક એસએસજી હોસ્પિટલમાં ખાતે પહોંચી ગયા હતા પીએમ થઇ ગયાં બાદ લાશનો કબજો પોલીસે મૃતક દંપતીના પરિવારને સોંપવામાં આવ્યો હતો.

## બાવામાનપુરામાં મોપેડની ડેકીમાંથી રોકડા રૂ.37 હજાર ચોરનાર ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.19

કારેલીબાગ નરહરી હોસ્પિટલની પાછળ આવેલા કલ્યાણ નગરમાં મહમદ હનીફ ઉર્ફે સલમાન રીફ શેખ ગત 14 જાન્યુઆરીએ બપોરના 3 વાગ્યાથી 6 વાગ્યા સુધીમાં બાવામાનપુરા ખાતેના ફાતેમાં કોમ્પલેક્ષ સામે મહમદ શેખ મોપેડ લઈને ગયા હતા. તેઓ મોપેડની ડેકીમાં રૂપિયા 37 હજાર રોકડા રાખ્યાં હતા અને મોપેડ કોમ્પલેક્ષ પાસે પાર્ક કરીને કામ અર્થે ગયા હતા. દરમિયાન ચોર ગઠિયો આવ્યો હતો અને મોપેડની ડેકીની તાળુ કોઇ ચાવી વડે ખોલી તેમાંથી રૂપિયા 37 હજારની રોકડ રકમની ચોરી કરી ફરાર થઇ ગયો હતો. મહદમદ હનીફભાઇ શેખે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. હતી. તેમની ફરિયાદના આધારે પાણીગેટ પોલીસ દ્વારા રોકડ રકમની ચોરી કરનાર શખ્સની ત્યાં લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કરતા આમીર નાસીરમીયા અરબ (રહે.બાવામાનપુરા દરગાહની પાસે પાણીગેટ)નો હોવાનુ માલુમ પડતાં પકડી પાડ્યો હતો.

### હુજરત ટેકરાના સરકારી અનાજ ગોડાઉનમાં તંત્રની ઘોર બેદરકારી

## અનાજના જથ્થામાં જીવડાંઓનું સામ્રાજ્ય, રહીશો ત્રાહિમામ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

શહેરના મધ્યમાં આવેલા હુજરત ટેકરા વિસ્તારમાં સરકારી અનાજના ગોડાઉનમાં વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. ગરીબોના પેટનો ખાડો પૂરવા માટે રાખવામાં આવેલો અનાજનો જથ્થો અત્યારે જીવડાંઓનું ઘર બની ગયો છે. ગોડાઉનની દીવાલોથી લઈને અનાજના ઢગલાઓ સુધી સર્વત્ર જીવડાંઓનો ભારે ઉપદ્રવ જોવા મળતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ અને ભયનો માહોલ ફેલાયો છે. હુજરત ટેકરા પાસે આવેલા આ સરકારી ગોડાઉનમાં લાંબા સમયથી સફાઈનો અભાવ અને જંતુનાશક દવાઓના છંટકાવમાં અનિયમિતતા જોવા મળી રહી છે. હાલત એટલી હદે વણસી છે કે ગોડાઉનની બહારની દીવાલો પર પણ હજારોની સંખ્યામાં જીવડાંઓ ચડી રહ્યા છે. અનાજની ગુણીઓમાં જીવાત પડી જવાથી આ અનાજ હવે ખાવાલાયક રહ્યું છે કે કેમ તે એક મોટો પ્રશ્ન છે. માત્ર



ગોડાઉન પૂરતું જ નહીં, પરંતુ આ ઉપદ્રવ હવે આસપાસના રહેણાંક વિસ્તારોમાં પણ ફેલાયો છે. સ્થાનિક રહીશોની ફરિયાદ છે કે જીવડાંઓ ઉડીને લોકોના ઘરોમાં, રસોડામાં અને પીવાના પાણીના વાસણો સુધી પહોંચી રહ્યા છે. સાથે વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ અને જીવાતને કારણે બીમારી ફેલાવવાનો ભય સતાવી રહ્યો છે. નાના બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય સામે ગંભીર ખતરો ઊભો થયો છે. સ્થાનિક રહીશોના આક્ષેપો મુજબ ગોડાઉન મેનેજર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. સરકારી તિજોરીમાંથી લાખો રૂપિયાનો ખર્ચ સફાઈ અને જાળવણી પાછળ દેખાડવામાં આવે છે, તો પછી આવી ગંભીર પરિસ્થિતિ કેમ સર્જાઈ ?

ગોડાઉનના આસિસ્ટન્ટ મેનેજર પિંકેશ રાણા એ જણાવ્યું હતું કે આ અનાજનો જથ્થો ખરાબ નથી. અમારે 3 મહિનાનો જથ્થો રાખવો પડે. FCI સેન્ટ્રલ ગોવર્મેન્ટન ના ગોડાઉન માંથી લેબમાં પરીક્ષણ થઈને અનાજનો જથ્થો અમારી પાસે આવે છે. ખરાબ અને બગડેલો જથ્થો હોય તો એ અમને બદલી આપવામાં આવે છે. આ અનાજનો જથ્થો ખરાબ નથી પરંતુ જૂનો હોય શકે એવું જણાવવામાં આવ્યું હતું.

## વેપારીનો ટેમ્પો ભાડે ફેરવવા માટે લઈ ગયા બાદ પરત નહીં આપી છેતરપિંડી

**રૂપિયા** 19 હજાર ભાડુ બે મહિના ચુક્વાય બાદ આપવાનું બંધ કર્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા શહેરના વડસર રોડ પર આવેલી ઓરો હાઈટ્સ ખાતે રહેતા કમલેશ પ્રભુદાસ પટેલે પોલીસ ફરીયાદ નોધાવી છે કે હું સ્ટીલ પોલીસીંગ કરવાનો ધંધો કરૂ છુ. ત્રણ વર્ષ પહેલા મે એક ટાટા મોટર્સ લીમિટેડ કંપનીની ટાટા યોધ્ધા ટેમ્પો ખરીદ કર્યો હતો.

એપ્રીલ 2025માં મારા મોબાઈલ નંબર ઉપર મુસ્તાકભાઈ જુમ્માભાઈ શેખ (રહે, ગોરવા તથા મુળ યાકુતપુરા વડોદરા) ફોન કરી તમારે ટેમ્પો ભાડે આપવાનો છે તેમ કહી વાતચીત કરી રૂપીયા 19 હજાર મહીને ભાડુ આપવાનુ મને જણાવ્યુ હતું. જેથી મે મારો ટેમ્પો ભાડે આપવાનુ નક્કી કરી તેઓને ભાડે આપવા માટે હા પાડેલ હતી. ત્યારબાદ બે દિવસ પછી મુસ્તાક ભાઈ જુમ્માભાઈ શેખ મારા ઘરે આવ્યા હતા અને મારો ટેમ્પો જોયેલ અને ભાડે રાખવાની હા પાડતા હતા. 2 મેના રોજ સ્ટેમ્પ પેપર ઉપર ભાડા કાર કરાવી મંથલી 19 હજાર રૂપીયા ભાડુ નક્કી કરી અને રૂપિયા 40 હજાર ડીપોઝીટ પેટે આપી મારા ઘરેથી ટેમ્પો લઈ ગયો હતો. ત્યારબાદ બે મહીના સુધીમાં મને રૂપીયા 31 હજાર ભાડા પેટે આપ્યા હતા. ત્યારબાદ ભાડુ આપતા ન હોય અને અવાર નવાર ફોન કરતા ફોન ઉપાડતા ન હોય અને તેઓ ભાડેથી રહેતા હોય મકાન ખાલી કરી બીજી કોઈ જગ્યાએ રહેવા જતા રહ્યા છે. મુસ્તાકભાઈએ રૂ.3.50 લાખનો ટેમ્પો ભાડે લઈ જઈ ફક્ત બે મહીનાનુ ભાડુ ચુકવી ત્યારબાદ ભાડુ આપવાનું બંધ કરી દીધું હતું.

ઉપરાંત ટેમ્પો પણ પરત પરત આપતો ન હતો. જેથી વારંવાર માગણી કરવા માટે ફોન કરવા છતાં તે ઉપાડતો ન હતો. જેથી પોલીસે વેપારીની ફરિયાદના આધારે ઠગ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

### વડોદરામાં AAP બૂથ કાર્યકર્તા સંમેલનમાં નેતાઓના ભાજપ પર પ્રહારો

## 2027માં ભાજપ જશે, ગુજરાતની સત્તા જનતાને મળશે: અરવિંદ કેજરીવાલ

**આવનારી** તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં AAP શ્રમિકોના હકો માટે મજબૂત અવાજ બનશે : ચૈતન વસાવા

(પ્રતિનિધિ) વડોદરા તા.19

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ઉપસ્થિતિમાં વડોદરામાં બૂથ કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. સંમેલનમાં કેજરીવાલે ભાજપ સરકાર પર કડક પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, છેલ્લા 30 વર્ષમાં ભાજપે ગુજરાતને લૂંટી ખોખલું કરી દીધું છે. 2027ની ચૂંટણી સત્તાની નહીં પરંતુ ગુજરાતીઓના સન્માન અને ન્યાયની લડાઈ છે અને આ ચૂંટણીમાં ભાજપ હારી જશે તથા ગુજરાતની સત્તા જનતાના હાથમાં આવશે.

કેજરીવાલે આરોપ લગાવ્યો કે ખેડૂતોને ખાતર, બિયારણ અને પાકના યોગ્ય ભાવ મળતા નથી. સરકારી સ્કૂલો અને હોસ્પિટલોને ઈરાદાપૂર્વક બરબાદ કરવામાં આવી છે જેથી સામાન્ય લોકોને ખાનગી સ્કૂલ અને હોસ્પિટલમાં લૂંટ સહન કરવી પડે. યુવાનોને રોજગાર આપવાને બદલે નશામાં ધકેલી દેવામાં આવ્યા છે. તેમણે આદિવાસી કલ્યાણ ફંડમાંથી પ્રધાનમંત્રીની સભા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો



હોવાનો પણ આક્ષેપ કર્યો.

પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે જણાવ્યું કે ભાજપને પોતાની સત્તા અને સંગઠનનો ઘમંડ છે, પરંતુ આમ આદમી પાર્ટી ડોર-ટુ-ડોર અભિયાન દ્વારા આ ઘમંડ તોડી નાંખશે. પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ કહ્યું કે ભાજપ સરકાર પોલીસ અને તંત્રનો દુરુપયોગ કરી રાજકીય વિરોધીઓને દબાવી રહી છે, છતાં AAP કાર્યકરો સંઘર્ષથી ડરવાના નથી.

ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું કે આવનારી તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં AAP શ્રમિકોના હકો માટે મજબૂત અવાજ બનશે. ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું કે ગુજરાતમાં જનતાનો આત્મા જાગી રહ્યો છે અને એ જ ભાજપને સૌથી વધુ ડરાવે છે.

### વારસીયામાં રહેતા વેપારીની આંખમાં મરચાન ભુકી નાખી રાત્રીના સમયે લુંટ ચલાવી હતી

## રૂ.10 લાખની લૂંટ કરનાર 5 આરોપીના રિમાન્ડ નામંજૂર : કસ્ટડી સોંપાયાં

**ક્રાઇમ** બ્રાન્ચે પાંચ આરોપીને કોર્ટમાં રજૂ કરીને 10 દિવસના રિમાન્ડની માગણી કરી, વારસીયા પોલીસે પકડેલા બે આરોપીના બે દિના રિમાન્ડ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રહેતા લીલારામ રાકડમલ રવાણી 16 જાન્યુઆરીના રોજ તેમની કારેલીબાગ વિસ્તારમાં આવેલી ગિફ્ટની દુકાનમાંથી તેમના જણાવ્યા મુજબ રૂપિયા 10 લાખની રોકડ રકમ લઈને ઘરે આવી રહ્યાં હતા. તે દરમિયાન રાત્રીના સાડા વાગ્યાના અરસામાં તેમનો પીછો કરીને બાઇક પર તથા મોપેડ પર આવેલા ચાર લુંટારુઓએ તેમને માર માર્યાં બાદ આંખમાં મરચાની ભુકી નાખી રોકડા રૂપિયા 10 લાખની લુંટ ચલાવી હોવાની ફરિયાદ નોંધાવી હતી. આ લુંટના કારણે સ્થાનિક પોલીસ સહિત ક્રાઇમ બ્રાન્ચની ટીમ એક્શનમાં આવી ગઇ હતી અને લુંટનું તરકટ રચનાર શનાભાઇ ઉર્ફે ભલા ચંદુ વાઘેલા, આકાશ વિરૂ દેવીપુજક, રવિ મુન્ના ઠાકોર, અતુલ અશોક દેવીપુજક, હિરેન મિનેષ વસાવા, રાહુલ રમેશ મારવાડી, અનિલ મગન પરમારની ક્રાઇમ બ્રાન્ચ તથા વારસીય પાલોસી દ્વારા ગણતરીના કલાકોમાં ધરપકડ કરી લેવામાં આવી હતી. લુંટારુઓની વધુ પૂછપરછ કરવા માટે રાહુલ મારવાડી તથા અનિલ પરમાર સિવાયના આરોપીઓને ક્રાઇમ બ્રાન્ચ દ્વારા કોર્ટમાં 19 જાન્યુઆરીના રોજ રજૂ કરવામાં આવ્યાં હતા અને 10 દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવી હતી. પરંતુ મેજિસ્ટ્રેટ દ્વારા આ પાંચ લુંટારાઓના રિમાન્ડ નામંજૂર કરીને તેમને જ્યુડિશિયલ કસ્ટડી ભેગા કરી દેવામાં આવ્યા હોવાનું પીઆઇ એન જી જાડેજાએ જણાવ્યું હતું. મસમોટી લુંટ કરવા સાથે તેમની પાસેથી જુદા જુદા દેશની કરન્સીની નોટો પણમળી આવી હતી હોવા છતા કોર્ટ દ્વારા તેમના રિમાન્ડ નામંજૂર કરવામા આવતા ભારે આશ્ચર્ય સર્જાયું છે. વારસાયી પોલીસે પકડેલા રાહુલ મારવાડી તથા અનિલ પરમારના વારસિયા પોલીસે બે દિવસના રિમાન્ડ મેળવ્યાં હતા.

### વેપારી સામે અમદાવાદ પોલીસ વિભાગમાં ગુનો દાખલ થયો હતો

## લૂંટનો ભોગ બનનાર વૃદ્ધ વેપારી વિરુદ્ધ અગાઉ વિદેશી નાણુ કન્ટવર્ટ કરવાનો ગેરકાયદે કામ કરતો હતો

**કોર્ટમાં** કેસ દાખલ તો થયો હતો પરંતુ અગમ્યકારણોસર ડિસમિસ થયો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.19

લુંટનો ભોગ બનનાર વૃદ્ધ વેપારી પાસેથી લુંટનાર આરોપી પાસેથી ભારતીય તથા અલગ અલગ દેશના ચલણની મોટી માત્રાના નોટો મળી આવી હતી. ત્યારે આ નોટો વૃદ્ધની તો નથી ને દિશામાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે વૃદ્ધ અગાઉ વિદેશ નાણુ કન્વર્ટ કરવાનો ગેરકાયદે ધંધો કરતો હતો. જેમાં અમદાવાદમાં ગુનો દાખલ થયો હતો. પરંતુ અગમ્યકારણોસર કોર્ટમાં આ વૃધ્ધ વેપારીનો કેસ ડિસમીસ થઇ ગયો હતો.

સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ આરોપીઓ પાસેથી મળેલી વિદેશી નાણાને લઇ કોકડુ વધુ ગુચવાયું હતું. ચર્ચાએ જાગી છે કે પોલીસને મળી આવેલી વિદેશી ચલણની નોટો સહિતની મોટી રકમ કોની છે ? જેથી પોલીસ દ્વારા ભોગ બનનાર વૃદ્ધ વેપારી બાબતે તપાસ કરી હતી. ત્યારે જાણવા મળ્યું હતુંકે અગાઉ લીલારામ રેવાણી પાસે લાયસન્સ ન હોવા છતાં અલગ અલગ દેશની કરન્સીને કન્ટવર્ટ કરી આપીને લોકો પાસેથી કમિશન મેળવવાનો ધંધો કરતો હતો. જેથી વૃદ્ધ વેપારી વિરુદ્ધ વર્ષ 2012માં અમદાવાદ પોલીસ વિભાગમાં ગુનો દાખલ થયો હતો અને જેનો કેસ કોર્ટમાં પણ ચાલી જવા પામ્યો હતો. પરંતુ અગમ્ય કારણોસર આ વેપારીનો કેસ ડિસમીસ થઇ ગયો હતો. ત્યારે શુ વૃદ્ધ વેપારી હજુ પણ ગેરકાયદે કામ કરતો હોય તેની પાસે આ અલગ અલગ દેશની ચલણી નોટો હોય તે દિશામાં ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તપાસ શરૂ કરવામાં આવશે ?

### સ્થાનિક રહીશે જાહેરમાં મારામારી કરતા હોવાનો વીડિયો વાઇરલ કર્યો હતો

## બ્લીન્કિટના ઓર્ડરને લઈને ડિલિવરી બોય બાખડયા,છૂટા હાથની મારામારી

**અટલાદરા** પોલીસે ગણતરીના કલાકોમા વીડિયોના આધારે ત્રણને દબોચ્યાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

વડોદરા શહેરમાં ફરી એક વખત બ્લિન્કિટ ડિલિવરી એજન્સીમાં કામ કરતા યુવકોના વર્તનથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. શહેરના અટલાદરા નારણવાડી વિસ્તારમાં બ્લીન્કિટ ડિલિવરી એજન્સીના ડિલિવરી બોય અંદરો અંદર બાખડયા હતા અને છુટા હાથની મારામારી કરી હતી. જેનો વીડિયો ત્યાંના એક સ્થાનિક રહીશે ઉતારી વાયરલ કર્યો હતો. જેના આધારે પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણ ડિલિવરી બોયને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



વડોદરા શહેરમાં બ્લિન્કિટ ડિલિવરી એજન્સીમાં કામ કરતા ડિલિવરી બોય અગાઉ પણ વિવાદમાં જોવા મળ્યા હતા. બિભસ્ત ગાળો બોલવી, જાહેરમાં શૌચ ક્રિયા કરવી સહિત આવતી જતી મહિલાઓ યુવતીઓને જોઈ મશ્કરી કરતા હોવાના આક્ષેપ સાથે સમા વિસ્તારમાં અગાઉ વિસ્તારના લોકોએ બ્લીન્કિટનો વિરોધ પણ કર્યો હતો. જે બાદ હવે અટલાદરા નારણવાડી વિસ્તારમાં બ્લીન્કિટ ડિલિવરી એજન્સીના ડિલિવરી કરતા યુવકોથી લોકો કંટાળ્યા છે. ડિલિવરી બોયની રોજની બબાલોથી સોસાયટીના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વારંમવાર તંત્રનું ધ્યાન દોર્યું, પણ કોઈ રજૂઆત ધ્યાન પર લેવામાં આવી નથી. અટલાદરા નારણવાડી વિસ્તારમાં બ્લીન્કિટના ડિલિવરી બોયઝ અંદરો અંદર બાખડયા હતા અને મારામારી થઈ હતી.ત્યાં રહેતા સ્થાનિક રહીશે મારામારીનો વીડિયો મોબાઈલમાં ઉતારીને સોશિયલ મીડિયા પર વાઈરલ કરી નાખ્યો હતો. ત્યારે પોલીસ વિડિયાના આધારે ગણરીના કલાકોમા મારામારી કરનાર હિતેશકુમાર રમેશ ગાંધી (રહે.પ્રમુખ આશિષ સોસાયટી અટલાદરા),પ્રફુલ કનુભાઈ પટેલ (રહે.મારુતિ નંદન સોસાયટી અટલાદરા) તથા મોહમદ ફિરોજ મલિક (રહે. તાઈફનગર ગાર્ડન પાસે તાંદલજા વડોદરા)ને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યાં હતા. પોલીસે તેમની પૂછપરછ કરતા બ્લિન્કિંટના ઓર્ડર અન્વયે રાયડરન કામકાજ બાબતે અંદરો અંદર ઝઘડ્યા હોવાનુ જણાવ્યું હતું.